ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અંધેરી નગરીમાં નાના ચોરો જ જકડાય છે!*
*ગંડુ રાજાના રાજમાં, છીંડે ચડે ઈ પકડાય છે!*
*ખડકાય છે કૌભાંડો, જમીનનાં ઢગલાબંધ -*
*મોટાં માછલાં મજા કરે, ને નાનાં અકળાય છે.*
*(રેવન્યુ, નાના કર્મચારીઓ સસ્પેન્ડ)*

હાઈકુ

*બાપા મોરિયા!*
*અનંત ચૌદસના -*
*થયા વિદાય...*
*(ભાવ-ભક્તિમાં રડાવી ગયા)*

*ચઢયો છે નશો!*
*આતંકીઓ, સેનાનો -*
*બોલે બેફામ...*
*(નવાઝનાં નિવેદન)*

### ચિંતન

**આરોગ્યં, વિદ્વતા, સજ્જનમૈત્રી મહાકુલે જન્મ ।**
**સ્વાધીનતા ચ પુંસાં મહદૈશ્વર્યં વિનાપ્યર્થૈઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય - 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

આરોગ્ય, વિદ્વતા, સજ્જનો સાથે મૈત્રી સંબંધ, મોટા-ઉંચા કુળમાં જન્મ અને સ્વાધીનતા (ઘર-કુટુંબ-સમાજ-રાષ્ટ્રીય) આટલી બાબતો ભલે નિર્ધન અવસ્થા હોય છતાં ય એક મોટું ઐશ્વર્ય જ છે.

તંદુરસ્ત - આરોગ્યપ્રદ જીવન ઘણીવાર ધનિકોને પણ પ્રાપ્ત થતું નથી. સમૃદ્ધિ હોય છતાં 'સ્વાદ' પર નિયંત્રણ હોય છે. 'વિદ્વતા' એ પ્રાકૃતિક-મગજ સંબંધ ઉપલબ્ધિ છે. ગરીબ વિદ્વાન હોઈ શકે ધનવાન ને પ્રયત્ન પછી પણ વિદ્વતા મળતી નથી. સજ્જન મિત્રો મળવા ભાગ્યની વાત છે.

ઊંચાકુળમાં - સંસ્કારી વાતાવરણમાં જન્મ એ ઈશ્વરી આશીર્વાદ છે. સ્વતંત્રતા-લોકશાહીમાં જન્મ એ મોટું ઐશ્વર્ય છે.

### સુવિચાર

- અવગુણ અંધારામાં પ્રસરે છે અને પ્રકાશમાં ગાયબ રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્ઞાન સાથે આચાર ન હોય તો તે જ્ઞાન જ્ઞાન નહીં - **નવનિત**
- સફળ વ્યક્તિ અને બીજા વચ્ચે અંતર તાકાતનું કે આવડતનું નહીં પણ ઈચ્છાશક્તિનું હોય છે - **વજુ કોટક**
- જીવન એક એકઝામ છે, ચારિત્ર્ય એ ડીગ્રી છે અને દુનિયા એ યુનિવર્સિટી છે - **મુંબઈ સમાચાર**
- પ્રાર્થનાની અસર શી છે? આ પ્રશ્નો જવાબ જયારે મન અને વાણી એક થઈને કોઈ વસ્તુની માગણી કરે છે, ત્યારે તરત મળી જાય છે - **રામકૃષ્ણ પરમહંસ**
- જેઓને પ્રશંસાનો વધુ લોભ હોય તેઓ ખરી રીતે તે માટેની લાયકાત વિનાના હોય છે - **પ્લુટાર્ક**
- સદ્‌ગુણ વિના સુંદરતા અભિશાપ છે - **ચીની કહેવત**
- આજનું ઔષધ : દાડમની છાલનું ચૂર્ણ દહીં સાથે લેવાથી ઝાડા બંધ થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ધન, સમૃદ્ધિ, આવક પાછળ ગાંડા થયેલા લોકો ઘણીવાર ઉદ્યોગ-ધંધા અને પરિશ્રમ વચ્ચે કૌટુંબિક જીવન, પિતાની ફરજો, વડીલો પ્રત્યેની દરકારનો 'ભોગ'આપી દેતા હોય છે. આજ મળેલી ક્ષણ જીવી જાણતાં કે માણતાં આવડતી નથી - અને બહાનું બતાવે છે કે આજે કમાવાની વય છે. પછી પાછલી અવસ્થામાં મોજ-શોખથી જીવન પસાર કરશું...

પત્નીએ રાબેતા મુજબ પતિને કહ્યું : બાળકોની પરીક્ષા પૂરી થઈ છે, વેકેશન પડ્યું છે બે-ચાર દિવસ બાળકો કહે ત્યાં પ્લેનમાં કે ટ્રેનમાં, દરિયાકાંઠે કે કોઈ વનરાઈવાળાં સ્થળે જઈ, આનંદ-પ્રમોદ કરીએ...

પતિ : જો હમણાં મેં હાથમાં એક મોટું સાહસ લીધું છે ભાગીદારો સાથે મારી અહીં હાજરી જરુરી છે. પછી આપણે કરોડપતિ થઈ - અમીર થઈ જશું!

પત્નીએ નિઃશ્વાસ નાખતાં કહ્યું, 'વ્હાલા, જો આજની ઘડી આપણે આનંદથી, સુખે જીવી શકીએ તો આપણે અમીર જ છીએ! બાળકોના રાજીપા સાથે આપણે સુખેથી દાંપત્યજીવન માણી શકીએ તો એ જ મોટી 'અમીરાત છે'! પતિને, પત્ની વાત ગળે ન ઉતરી... ખોટું-ખંધુ હસ્યો.

# તંત્ર પર મજબૂત પકડ માટેનો પુરુષાર્થ!

### તંત્રીસ્થાનેથી...

આગામી વિધાનસભાની ચૂંટણીને નજરમાં રાખીને શાસક પક્ષે સંગઠન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બજાવનારા વરિષ્ઠ કાર્યકર્તાને ગુજરાતનું સુકાન સોંપ્યા પછી ખુદ વડાપ્રધાન અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતને 'ટૉપ પાયોરિટી'વાળું રાજય ગળી ઝીણામાં ઝીણી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. નવા મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને સરકારનું સર્વોચ્ચ પદ સોંપતાં પાર્ટી ખાસ્સી અવઢવ અનુભવતી હતી, એ તો સર્વવિદિત છે. મુખ્યમંત્રી બનતા અગાઉં આનંદીબેન પટેલને એવી મૂંઝવણમાંથી પસાર નહોતું થવું પડ્યું. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો જે દિવસે પાર્ટીએ વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરીને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી જીતવાની જવાબદારી સુપરત કરી તે જ દિવસે નરેન્દ્ર મોદીનાં વારસ તરીકે આનંદીબેન પટેલનું નામ સુનિશ્ચિત થઈ ગયું હતું. સાવ સામાન્ય સમજણ ધરાવતા મતદારને પણ એટલી તો ખબર હતી જ કે મોદી મંત્રીમંડળમાં 'નંબર થ્રી' ની પોઝીશન ધરાવતાં આનંદીબેન જ નવાં મુખ્યમંત્રી તરીકે સોગંદ લેશે. પરંતુ વિજય રૂપાણીના મુદ્દે નેતાગીરી કે પ્રજાકીય સ્તરે આવી સ્પષ્ટ સમજણ નહોતી વરતાતી. એક તબક્કે તો મોદી અને આનંદીબેન સરકારોમાં 'નંબર ટુ' રહેલા નીતિન પટેલનું નામ લગભગ જાહેર જ થઈ ગયું હતું. આવી મૂંઝવણ ભરી સ્થિતિમાં વિજય રૂપાણીના નામ પર આખરી પસંદગી ઉતારવા પાછળ કેન્દ્રીય નેતૃત્વમાં કોઈ મતભેદ કે મનભેદ નહોતો, હતી માત્ર ૨૦૧૭ ની વૈતરણી પાર કરવામાં વધુ સક્ષમ ફોર્મ્યુલાની શોધ. આખરે એ ફોર્મ્યુલામાં નીતિન પટેલને નાયબ મુખ્યમંત્રી બનાવીને સૌરાષ્ટ્રની હૃદયસ્થલી સમા રાજકોટના અધવચ્ચે ચૂંટાયેલા ધારાસભ્યને સુકાન સોંપાયું અને મંત્રીમંડળમાં રાજકીય ગણતરી મુજબ પાટીદાર-ઓબીસી તથા અનુસૂચિત જાતિ-જનજાતિનાં સમીકરણો ગોઠવી ઘીના ઠામમાં ઘી પડી રહે એવી વ્યવસ્થા ફાઈનલ થઈ. મોદીની પ્રચંડ લોકપ્રિયતા, મુગ્ધકર વાક્છટા અને કડક વહીવટની સરખામણીએ આનંદીબેન પ્રજાકીય સ્તરે ટકી ન શક્યાં, તે નવા મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી જાણે છે. 'ગતિશીલ ગુજરાત'ના સૂત્ર સાથે ઉત્તર ગુજરાતની પાટીદાર મહિલાએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં હતા. વળી પોતે શિક્ષિકા તરીકે ઉત્તમ કામગીરી બનાવી હોઈ એમની એ વિશેષ લાયકાત પણ એમની કારકિર્દીનું મોરપિચ્છ બની રહે એમ હતી. પરંતુ ખુદ પાટીદાર સમાજમાંથી જ વિદ્રોહના સૂર ઊઠ્યા અને છેલ્લે તો દલિત સમાજ પણ ખુલ્લંખુલ્લાં મેદાનમાં આવી જતાં પાર્ટી હાઈકમાન્ડ માટે આનંદીબેનને ખસેડયા સિવાય બીજો રસ્તો જ નહોતો રહ્યો. આનંદીબેન કથળેલી તબિત અને વધતી ઉંમરને નજર અંદાજ કરી ઘણો જ પરિશ્રમ કર્યો હતો, તે બાબત કેન્દ્ર સરકાર કે પાર્ટી ભૂલી શકે એમ નથી. તેથી હવે જયારે નવા સુકાનીની નેતૃત્ત્વ હેઠળ ૨૦૧૭નો ચૂંટણી જંગ જીતવાનો મનસૂબો પાર પાડવો હશે તો એમને હાંસિયે ધકેલીને એ પાર નહીં જ પાડી શકાય એટલું તો હાઈકમાન્ડ સમજે છે. એથી વડાપ્રધાને ફરજિયાત નિવૃત્ત કરાયેલ મહિલા મુખ્યમંત્રીને રાજય સરકારની કામગીરી પર વૉચ રાખવાની જવાબદારી સોંપવાનો નિર્ણય કર્યો હોત તે બનવાજોગ છે. સુરતના પાટીદાર સંમેલનમાંથી આનંદીબેનને બારોબાર દિલ્હી તેડાવાયાં હતાં તે ઘટના સૂચક છે. નવા મુખ્યમંત્રીશ્રીએ પદ સંભાળતાંની સાથે જ ભ્રષ્ટાચારી તંત્ર પર શિસ્તબદ્ધ પગલાં લેવાનું શરું કર્યું છે. અલબત્ત, હજી તદ્દન નીચલી પાયરીના અને જિલ્લાકક્ષાના જ કર્મચારીઓ પર દંડો ઉગામ્યો છે, પરંતુ મોટા મગરચ્છોને એથી મળવાપાત્ર સંદેશ તો મળી જ ગયો છે. નવા મુખ્યમંત્રીએ પોતાની સરકારનાં નવાં મૌલિક સૂત્રો પણ વહેતાં મૂક્યાં છે. નાયબ મુખ્યમંત્રીશ્રીને સાથે રાખી ચાલવાની કૂટનીતિને પણ તેઓ નિષ્ઠાપૂર્વક વળગી રહ્યા છે, છતાં હજી તંત્ર પર પકડ આવતા અને પ્રજાકીય સ્તરે લોકપ્રિય થતાં સમય તો લાગવાનો જ છે.

# ઓઝોનના ગાબડાઓને કારણે સૌર વિકિરણો પૃથ્વીની જીવસૃષ્ટિ સુધી પહોંચે છે

### આજે ઓઝોન ડે




## વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

વર્ષ ૧૯૮૭માં કેનેડાના મોન્ટ્રીયલ ખાતે ઓઝોન લેયરના ગાયબા સંબંધિત વિચારણા સારું વિવિધ દેશોનું એ સંમેલન ભરાયું. ૧૬મી સપ્ટેમ્બરના રોજ યોજાયેલ આ સંમેલનના અનુસંધાને ૧૯.૧૨.૧૯૯૪ના રોજની યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં આ દિવસને 'આંતરરાષ્ટ્રીય ઓઝોન ડે' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. ૧૯.૦૯.૧૯૯૫ થી પ્રથમ 'ઓઝોન ડે'ની ઉજવણી કરવાનો વિશ્વકક્ષાએ પ્રારંભ થયો.

આ વર્ષના 'ઓઝોન ડે' નો થીમ 'ઓઝોન એન્ડ કલાઈમેટ રીસ્ટોર્ડ બાય એ વર્લ્ડ યુનાઈટેડ' જાહેર કરવામાં આવેલ છે. ઓઝોન અને આબોહવા - સંઘટિત વિશ્વ દ્વારા પુર્નસ્થાપિત તેવો અર્થ થાય. તેની ટૅગ લાઈનમાં મોન્ટ્રીયલ પ્રોગોકોલ મુજબ હાઈડ્રો ફલોરો કાર્બનસૂને ઘટાડીને ગ્લોબર વોર્મિંગ ઘટાડવાની દિશામાં કાર્ય કરવા સહુને દિશા નિર્દેશ કરવામાં આવેલ છે.



તેજ ગંધવાળો ઝેરી ઓઝોન વાયુ 'O' ના ત્રણ પરમાણુનું સંયોજન છે. પૃથ્વીના વાતાવરણના સમતાપ મંડળ એટલે કે સ્ટ્રેટોસ્ફીયર કે જે ૧૨ થી ૫૦ કીલોમીટર સુધી છે તેમાં ઓઝોન વાયુનું સ્તર ૧૫ થી ૩૦ કિલોમીટર વચ્ચે સહુથી વધુ એટલે કે પૃથ્વીના વાતાવરણનો ૯૦% વાયુ આ ભાગમાં આવેલ છે. ઉપરી વાતાવરણમાં આવેલો આ ઓઝોન વાયુ 'ગુડ ઓઝોન' કહેવાય છે. આ ભાગનો ઓઝોન સૂર્યના કિરણોમાં આવતાં સૌર કે પારજાંબલી વિકિરણો કે જે પૃથ્વી પરની જીવસૃષ્ટિને હાનિકારક ૯૫% વિકિરણોને શોષે છે અને ગળણી જેવું કાર્ય કરીને જીવસૃષ્ટિને ફાયદાકારક કિરણોને જ પહોંચવા દે છે. તેથી તેને સારો ઓઝોન ગણવામાં આવે છે.

માનવો દ્વારા ઉત્પાદિત પદાર્થો જેવા કે રેફ્રીજરેટર, એર કન્ડીશનર, સોલવન્ટ, એરો સોલ્સ, અગ્નિ શામન સાધનો, કલીનીંગ એજેન્ટ્સ, સ્પ્રે, પેસ્ટીસાઈડસ, ફોમ જેવી બનાવટોમાં કે ઉપયોગમાં લેવાતા ફલોરોકલોરો કાર્બનસ, મિથાઈલ કલોરાઈડ, મિથાઈલ બ્રોમાઈડ, મિથાઈલ કલોરોફોરમ, હેલોન્સ સંયોજનો જેવા સંયોજનો ઓઝોનના ઉપરી વાતાવરણ ભાગમાં જઈને તેમાં રાસાયણિક પ્રક્રિયા કરીને ઓઝોનના પરમાણુને તોડવા લાગે છે આવું પ્રમાણ ખુબ જ મોટા પ્રમાણમાં હોય છે. આ કારણે ઓઝોન સ્તરમાં ગાબડાં, છિદ્ર પડે છે. કોલમના માપમાં ઓઝોનને ડોબસન (Dobson) યુનિટમાં માપવામાં આવે છે. ૨૨૦ ડોબસન યુનિટ (DU) થી ઓછા પ્રમાણમાં ઓઝોન વાયુ થાય ત્યારે તેને ઓઝોન ડીપ્લેસન ગણવામાં આવે છે. વર્ષ ૧૯૫૦માં હેબેલે રીસર્ચ સ્ટેશનના ધ્યાનમાં 'એન્ટાર્ટિકા' ભાગમાં સહુ પ્રથમ ઓઝોનના ગાબડાં જોવામાં આવ્યા. વર્ષ ૧૯૮૦માં ૨૫૦ ચોરસ કીલો મીટરનું મોટામાં મોટું ગાબડું નોંધાયું હતું. આવું જ ગાબડું ૧૯૯૦માં આર્કીટીક્સ ભાગમાં પણ જોવા મળેલ હતું પરંતુ તે પ્રમાણમાં ઘણું નાનું હતું.

ઓઝોનના ગાબડાઓને કારણે સૌર વિકિરણો પૃથ્વીની જીવસૃષ્ટિ સુધી પહોંચવા લાગે છે. આવા વિકિરણોને કારણે માનવોમાં સૂર્યદાહ, આંખના મોતિયા, ચામડીનું કેન્સર, રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય તથા રસીઓની અસર ઘટાડવા જેવી અસરો જોવા મળે છે. વિકિરણોને કારણે ખેતપાકો મુરઝાઈ જવાથી ખેત ઉત્પાદન ઘટે છે. વૃક્ષો કે વનસ્પતિઓની વૃદ્ધિ અટકે છે. દરિયાઈ ફાયટોપ્લાંકટોનનું પ્રમાણ ઘટે છે. આ કારણોને લીધે વાતાવરણમાંનો કાર્બન ડાયોકસાઈટ શોષાવાનું બંધ થવાથી કાર્બન ડાયોકસાઈટનું પ્રમાણ વાતાવરણમાં વધે છે અને તે એક હરિત ગૃહ વાયુ હોઈ ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પણ પેદા કરે છે.

જમીન તથા દરિયાઈ આહાર જાળમાં વનસ્પતિ અને જીવોને વિકિરણની અસરને કારણે વિક્ષેપ જીવોને વિકિરણોની અસરને કારણે વિક્ષેપ સર્જાય છે. વન્ય જીવોને પણ મોતિયો અને આરોગ્યલક્ષી સમસ્યાઓ પેદા થાય છે.


અનુસંધાન પાના નં. ૭ પર


# ડેન્ગ્યુના ખોટા રીપોર્ટ આવી શકે?

ડેન્ગ્યુ એ એક પ્રકાર નો વાઈરલ રોગ છે જે નીચે દર્શાવ્યા પ્રમાણે ચાર પ્રકાર ના ડેન્ગ્યુ ના વાઈરસ ની જાત થી થાય છે. (ઈલેક્ટ્રોનીક માઈક્રોસ્કોપ ચિત્ર)

(1) DENV 1 (2) DENV 2 (3) DENV 3 (4) DENV 4

(૧) ડેન્ગ્યુ કઈ રીતે ફેલાય છે?





- એડીસ (AEDES) નામના મચ્છર ના કરડવાથી ડેન્ગ્યુ ફેલાય છે.જેમાં મચ્છર પહેલાથી ડેન્ગ્યુના વાઈરસ થી INFECTED હોય છે.

(૨) મચ્છર કયા પ્રકારના હોય છે? (ડેન્ગ્યુ નો મચ્છર)

-મચ્છર ના દેખાવ ની વાત કરીએ તો શરીર અને પગ ના ભાગે કાળી -ધોળી પટ્ટી ઓ હોય છે,આથી જ તો તેને ટાઈગર મચ્છર પણ કહે છે.ડેન્ગ્યુ ના મચ્છર દિવસ દરમ્યાન કરડે છે. મચ્છર પોતાના ઈંડા સ્થિર અને ચોખ્ખા પાણી માં મુકે છે.

(૩)શું તમે જાણો જાણો છો?

- માત્ર માદા એડીસ મચ્છર ના કરડવાથી ડેન્ગ્યુ થાય છે,કેમકે તેના ઈંડા ને ડેવલોપ થવા માટે લોહી માં રહેલા પ્રોટીન ની જરૂર પડે છે. તંદુરસ્ત મચ્છર જયારે ડેન્ગ્યુ થયેલા માણસ ને કરડે છે ત્યારથી લગભગ સાતમાં દિવસે મચ્છર પોતે ચેપી બને છે.

- એક વખત ચેપી બન્યા પછી પુરા જીવન કાળ દરમ્યાન તે ચેપી રહે છે.વળી ઈંડા મુકીને તે વાઈરસ ઈંડામાં પણ ફેલાવે છે.

- આ મચ્છર નો કરડવાની સમય સવારે સૂર્યોદય ના પછીના બે કલાક માં અને સુર્યાસ્ત પહેલાના બે કલાક છે

(૪)એડીસ મચ્છર

- એડીસ મચ્છર નો જીવન કાળ બે સપ્તાહ નો હોય છે.

-પોતાના જીવન કાળ દરમિયાન મચ્છર લગભગ ત્રણેક વાર ઈંડા મુકે છે અને દરેક વખત લગભગ ૧૦૦ જેટલા ઈંડા મુકે છે. આ ઈંડા સુકી જગ્યાઓ પર (ડ્રાય કંડીસન માં) ઘણા મહિના ઓ સુધી પાણી વગર જીવંત રહી શકે છે.

-ડેન્ગ્યુના મચ્છર સામાન્ય રીતે અંધકાર વાળી જગ્યા માં જેમ કે પલંગ નીચે, પડદા પાછળ રહે છે.

-મચ્છર ની ઉડવાની ક્ષમતા સીમિત હોય છે આશરે ૪૦૦ મીટર ના કુંડાળા માં ઉડે છે.અને સ્વચ્છ સ્થાઈ પાણીની શોધ કરી ઈંડા મુકે છે માટેજ ડેન્ગ્યુ ના વાઈરસ ફેલાવા માટે મચ્છર નહિ પરંતુ માણસ જવાબદાર છે માટેજ જો થોડા મચ્છર એક ઘર માં હોય તો તે આજુ બાજુ માં ડેન્ગ્યુ નો આતંક ફેલાવી શકે છે.ડેન્ગ્યુ ના મચ્છર કેનાલ, ડ્રેનેજ, નદી, તળાવ,વગેરે માં ઈંડા મુકતા નથી.

લાઈફ સાયકલ - માંદા મચ્છર ઈંડા મુકે છે,ઈંડા માંથી લારવા બને છે લારવા માંથી પ્યુપા અને પ્યુપા માંથી પુખ્ત મચ્છર આ સમગ્ર સાયકલ પૂરું થાત આઠ દિવસ લાગે છે

-હવે આ ડેન્ગ્યુ ના વાઈરસ થી ચેપી બનેલા પુખ્ત માંદા મચ્છર જયારે સ્વસ્થ માણસ ને કરડે છે ત્યારે ડેન્ગ્યુ નો રોગ થતા ૫ થી ૬ દિવસ લાગે છે.

(૫) ડેન્ગ્યુ ના રોગ થી દુર રહેવા માટે શું કરશો?


- તમારી જાત ને મચ્છર કરડવાથી દુર રાખો. બને ત્યાં સુધી આખી બાય ના આખું શરીર ઢંકાઈ જાય એવા કપડા પહેરવા. બજાર માં મળતા મચ્છર ને મારવા માટે ના કોઈલ,ઈલેક્ટ્રિક વેપર મેટ,ક્રીમ અને સ્પ્રે વગેરે નો ઉપયોગ કરવો.

(૬) લક્ષણો - હાઈ ફીવર (તાવ) ૨ થી ૭ દિવસ સુધી સખત તાવ.

- ક્યારેક સખત માથાનો દુખાવો - આંખ માં અને ખાસ કરીને આંખ ની પાછળ ના ભાગ માં સખત દુખાવો - મસલ્સ નો દુખાવો - જોઈન્ટ નો દુખાવો. ચામડી પર લાલ રંગના નાની ફોલ્લી જેવ ટપકા

- નાક,પેઢા વગેરે માં બ્લીડીંગ

(૭) ડેન્ગ્યુ થયો છે તો શું કરવું?




-ઠંડા પાણી ના પોતા મુકવા

-એસ્પીરીન,બ્રુફેન,જેવી દવાઓ ના લેવી,કારણકે તેનાથી,ગેસ થાય છે,વોમીટીગ (ઉલટી) થાય છે અને પ્લેટલેટ ના કાર્ય માં અવરોધ આવે છે.

-શરીર માં ઈલેક્ટ્રોલાઈટ ને બેલેન્સ કરવા લીંબુ- મીઠું,શરબત, ઈલેક્ટ્રલ પાઉડર લઈ શકાય.એમાં ORS ઉત્તમ છે.

-જેને ડેન્ગ્યુ થયો હોય એને આખું શરીર ઢંકાઈ જાય એવા આખી બાય ના કપડા પહેરવા જોઈએ,ઘર માં અંધકારમય જગ્યાઓ સ્વસ્છ રાખવી એને - એન્ટી મોસ્કીટો સ્પ્રે નો છંટકાવ કરવો.



-ઘર માં કોઈ પણ જગ્યાએ પાણી ભરાઈ ના રહે તેનું ધ્યાન રાખવું. (કુંડા, કુલર, ફ્રીઝ વગરે)

- ડેન્ગ્યુ ના લક્ષણો દેખાય એવું તરતજ ડોક્ટર નો સંપર્ક કરવો

- ઠંડા પીણા વધુ પ્રમાણ માં લો.

(૮) લેબોરેટરી અને લોહી ના ટેસ્ટ

-જયારે ડોક્ટર ને કોઈ દર્દી ને ડેન્ગ્યુ છે એવી સંભાવના લાગે ત્યારે તે લેબોરેટરીમાં લોહીના ટેસ્ટ કરવાનું કહે છે, જેમકે હિમોગ્રામ, HBTCDC, ESR,PC, (ખાસ કરીને પ્લેટલેટ) લોહીમાં પ્લેટલેટ ઘટવા અને હિમોટેક્રિટ (HCT) વધવું એ ડેન્ગ્યુ ની ચેતવણી છે. ડેન્ગ્યુની ચકાસણી માટે લોહી માંથી સ્પેસિફિક ડેન્ગ્યુ નો ટેસ્ટ કરાવવા માં આવે છે.જે બે પધ્ધતી થી થાય છે

(૧)પેપર ક્રોમેટોગ્રાફી

(૨)ELISA (Enzyme Linked Immuno Srobent Assay)

(૧) NS1 ANTIGEN: ડેન્ગ્યુ ના લક્ષણો ચાલુ થયાંના ૫ દિવસ સુધીમાં દ્વજી ૧ ANTIGEN ટેસ્ટ કરવામાં આવે છે

(૨) IgM અને IgG :ડેન્ગ્યુના લક્ષણો ના ૫ દિવસ પછી ડેન્ગ્યુ IgM અને IgG એન્ટીબોડીનો ટેસ્ટ કરવામાં આવે છે

- આ દરમ્યાન તાવ,વોમીટીગ અને ઓછા ખોરાક ના લીધે શરીર માં ડીહાયડ્રેસન થાય છે.જેનાથી બચવા વધુ પડતા પ્રમાણ માં ORS,જ્યુસ લેવા.

(૮) ડીહાયડ્રેસનના લક્ષણો :

- પેસાબ ઓછો થાય

- બાળક રડે તો આંશુ ના આવે અથવા ઓછું પાણી આવે.


- મોઢું,હોઠ અને જીભ સુકાવી.

- આંખો ઊંડી ઉતરી જવી.

- હૃદય ના ધબકારા વધવા (>100 /MIN)

- આંગળી અને અંગુઠા ખોટા પડી જવા.

(૯) જોખમી સમય:




- અમુક દર્દીમાં તાવના ૫-૬ દિવસ પછી લોહીની શીરાઓ માંથી લીકેજ થાય છે અને લોહી બહાર આવી શરીર ની કેવેટીમાં જમા થાય છે જે સ્કીન પર બહારથી લાલ ટપકા સ્વરૂપે દખાય છે જેને રેડ સ્પોટ કહે છે.

- આની પર ધ્યાન ન આપો અથવાતો આ કંડીશનને ગંભીરતાથી ન લેવાથી શરીર ની સરક્યુંલેટરી સીસ્ટમ ના કાર્ય માં બ્રેક લાગે છે.

(૧૦) ડેન્ગ્યુ થી માણસ મારી શકે છે??

- સામાન્ય રીતે જેને ડેન્ગ્યુ થયો હોય એ સાવચેતી રાખે તો કઈક થતું નથી,પરંતુ અમુક કેસ માં ડેન્ગ્યુ હેમરેજીક (DHF) ફીવર અથવા તો ડેન્ગ્યુ શોક સિન્ડ્રોમ (DSS) થાય છે.



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

-જે દર્દી ને ડેન્ગ્યુ હેમરેજીક ફીવર (DHF) અથવાતો ડેન્ગ્યુ શોક સિન્ડ્રોમ (DSS) વર્તાય તો તાત્કાલિક રાહ જોયા વગર હોસ્પિટલ માં દાખલ થવું જોઈએ.

- નાના બાળકો અને તાજા જન્મેલા બાળકોમાં DHF અને DSS વધરે જોવા મળે છે.

- યોગ્ય સમયે અને સાચી રીતે જો **DHF** અને DSS ની ટ્રીટમેન્ટ (સારવાર)મળે તો સંપૂર્ણ પણે સાજા થઈ શકે છે.

ઉપર ની વાત ડેન્ગ્યુ કેવી રીતે થાય છે એની ચર્ચા કરી પણ ખરી વાત હવે શરુ થાય છે. ડેન્ગ્યુ છે કે નહિ એ કેવી રીતે ખબર પડે ??તેનો જવાબ બધાજ કહેશો કે પથોલોજી લેબોરેટરી.

પથોલોજી લેબોરેટરી માં ત્રણ પદ્ધતિ થી ડેન્ગ્યુ નો ટેસ્ટ કરવામાં આવે છે,જેને પેપર ક્રોમેટોગ્રાફી, કાર્ડ ટેસ્ટ અથવાતો રેપીડ કહેવામાં આવે છે.અને બીજી પધ્ધતિ છે ELISA (એલઈઝા) એટલે Enzyme Linked Immuno Srobent Assay અને ત્રીજી (PCR polymerase chain reaction) જે વધારે ખર્ચાળ છે



ત્રણે પધ્ધતિ માં લોહીમાં ડેન્ગ્યુના એન્ટીબોડી હાજર છે કે નહિ તે જોવામાં આવે છે જેમાં પધ્ધતિ એક કે જેમાં પેપર પર વાઈરસ ના એન્ટીજન નું કોટિંગ કરેલું હોય છે એટલેકે લોહી ની અંદર જો ડેન્ગ્યુના એન્ટીબોડી હોય તો પેપર પર પિંક કલર નો બેન્ડ આપે છે જેમાં દ્વજી ૧ એન્ટીજન અને IGG અને IGM ના અલગ અલગ પિંક બેન્ડ આવે છે જેમાં કંટ્રોલ બેન્ડ પણ હોય છે જેની સાથે સરખામણી કરીને ડેન્ગ્યુ NS1, IGG કે IGM પોઝીટીવ છે તેના ઉપર નિદાન થાય છે.

ઈંન્જીછ પદ્ધતિ માં એન્ટીજન થી કોટ કરેલા વાયલ હોય છે

આભાર - નિહારીકા રવિયા જેમાં દર્દી નું લોહી માંથી કાઢેલું સીરમ નાખવામાં આવે છે જેને બે કલાક ઈન્ક્યુબેસન કરવામાં આવે છે.અને બે કલાક પછી આગળ જુદા જુદા વોશિંગ આપ્યા પછી તેમાં ક્રોમોઝોમ નાખી કલર ડેવલોપ કરવામાં આવે છે અને પછી ELISA રીડર માં O.D.(ઓપ્ટીકલ ડેન્સીટી) માપવામાં આવે છે. અને પોઝીટીવ અને નેગેટીવ કંટ્રોલ પરથી કાઢેલ કટ ઓફ વેલ્યુ સાથે સરખાવા માં આવે છે.

ELISA પધ્ધતિ જ ગવર્મેન્ટ માન્ય રાખે છે. કેમ ?? કારણકે ક્રોમેટોગ્રાફી વાળા કાર્ડ ટેસ્ટમાં પરિણામ સચોટ આવતા નથી એટલેકે ડેન્ગ્યુનો રીપોર્ટ સાચો આવતો નથી એટલે જયારે પણ ડેન્ગ્યુ નો ટેસ્ટ કરવો ત્યારે ELISA ટેસ્ટ નો આગ્રહ રાખવો.ક્રોમેટોગ્રાફી ના રીપોર્ટ ELISA માં ઘણી વખતે ખોટા આવે છે એટલેકે કાર્ડ વાળા રીપોર્ટ પર ભરોસો રાખવો નહિ.અત્યારે અમદાવાદ માં કાર્ડ ટેસ્ટ થી કરેલા રીપોર્ટ મોટા ભાગ ના ખોટા સાબિત થયા છે.

- ચેતવણી

-પેટમાં અસહ્ય દુખાવો અને ઉલટી થવી,ચામડી પર લાલ સ્પોટ થવા,નાક અને પેઢામાંથી લોહી નીકળવું,લોહીની ઉલટી થવી,ઝાડા માં લોહી નીકળવું અથવાતો કાળા થવા, શ્વાસ માં તકલીફ થવી. ચામડી સુકી અથવાતો ફીકી થવી,ઘેન રહેવું અને ચીડિયાપણું થવું.

ડોક્ટરની જવાબદારી :

ડેન્ગ્યુના દર્દી ને દર બે કલાકે રેગ્યુલર તપાસવા,પેશન્ટ નો પ્રોગ્રેસ નક્કી કરવા માટે પ્લેટલેટ અને HCT (હેમોટોક્રિટ) વારંવાર ચેક કરતા રહે છે, દર્દી ને નસ વાટે ફ્લુઈડ આપે છે અને જરૂર પડે તો પ્લેટલેટ પણ ચઢાવે છેજોકે દરેક દર્દી ને પ્લેટલેટ ચઢાવવાની જરૂર પડતી નથી.

જો એકવાર ડેન્ગ્યુ થાય પછી ફરી થાય?

તો હા, ડેન્ગ્યુ વાઈરસ ના ચાર ટાઈપ માંથી એક ટાઈપ થી ડેન્ગ્યુ થયો હોય તો ફરી બીજી ટાઈપ થી થઈ શકે છે.

દર્દી ને ડેન્ગ્યુ થાય અને કોઈ જાતના લક્ષણો ના હોય એવું બની શકે?



હા એવા ઘણા દાખલા છે જેમાં વાઈરસ નો ચેપ લાગ્યો હોય પણ કોઈ જાત ના લક્ષણો ના દેખાય ડેન્ગ્યુ ના પેશન્ટ ને ઘરે સારવાર આપી શકાય

ઘણા દર્દી ને ડેન્ગ્યુ ની સારવાર ઘરે આપી શકાય જેમાં પુરતો આરામ,ફ્લુઈડ વધારે લેવાનું અને ખોરાક માં ન્યુટ્રીસન વધુ મળે એવો ખોરાક લેવાનો.

ORS (ORAL REHAYDRATION SALT) લેવું વધુ લાભદાયક છે. ફળોના રસ પણ વધુ લેવા.

ક્રોમેટોગ્રાફી, કાર્ડ ટેસ્ટ અને રેડીડ ની પદ્ધતિ પર અંકુશ લાવવો જોવે અને ડેન્ગુ ના ખોટા પોઝીટીવ રેપોટ થી બચવું જોવે.

સમાચાર - દિલ્લી સરકાર ડેન્ગુના દર્દી પાસેથી ખર્ચ ના લેતા, સરકાર પોતે બધોજ ખર્ચ ભગવે છે

- sgpathlab@gmail.com